મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૭૪ ટકા

ગાંધીનગર તાપમાન

રન ફોર યુનિટિ દ્વારા સરદારને સ્મરણાંજલિ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં આજે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 'રન ફોર યુનિટિ' યોજવામાં આવી હતી. આ દોડમાં મોટી સંખ્યામાં નાગરિકો, બાળકો, પોલિસ, અર્ધપોલિસ, અર્ધસુરક્ષા બળોના જવાનો તથા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સાથે ગાંધીનગરમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને બીએસએફ સંકુલ ખાતે પણ 'રન ફોર યુનિટિ'નું આયોજન કરાયું હતું.

આજે વહેલી સવારે ૭ કલાકે સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર પટેલની પ્રતિમા પાસે રાજયના મુખ્ય સચિવ જે.એન. સીંઘે 'રન ફોર યુનિટિ'ને લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું

હતું. આ દોડમાં આશરે ૨ હજારથી વધુ દોડવીરો જોડાયા હતા અને દોડનું સરદાર પટેલની પ્રતિમાથી પ્રારંભ થઈ ટાઉનહોલ થઈ વિધાનસભાના પ્રાંગણમાં સ્થિત મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે સમાપન થયું હતું. આ દોડમાં શાળાના બાળકો, શિક્ષકો, બીએસએફના જવાનો, પોલિસના જવાનો, રમતવીરો સાઈ તથા નહેરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો જોડાયા હતા. આ દોડના સમાપન પ્રસંગે તમામ દોડવીરોએ સ્વચ્છતા અપનાવવાના શપથ લીધા હતા.

સાઈ ખાતે 'રન ફોર યુનિટિ' યોજાઈ

સ્પોર્ટસ ઓથોરિટિ ઓફ ઈન્ડિયા ખાતે યોજાયેલ 'રન ફોર યુનિટિ'ને સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જતિન સોની તથા સાઈના ડેપ્યુટી ડાયરેકટર વિરસિંહ ચૌહાણે પ્રસ્થાન કરાવ્યું હતું. આ દોડમાં સાઈના સેન્ટર ઓફ એકસેલન્સ, સ્પોર્ટસ ટ્રેઈનિંગ સેન્ટર, પેરાએથ્લેટિકસ, પેરા પાવર લિફટીંગના નેશનલ કેમ્પર્સ અને વિવિધ રમતોના કોચ તથા કર્મચારીઓ જોડાયા હતા. આ દોડ મુખ્ય રન ફોર યુનિટિમાં સામેલ થઈ હતી.

@ગાંધીનગર

● નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ અને સતકર્મ ટ્રસ્ટ દ્વારા વિના મુલ્યે યોગ શિબિર સવારે ૫.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન સતકર્મ ટ્રસ્ટ સેકટર-૨૨ પંચદેવ મંદિર પાસે યોજાશે.

વાતવાતમાં

● સે-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે યોજાયેલ બીએસએફની એથ્લેટિકસ મીટમાં દેશભરમાંથી ખેલાડીઓ આવ્યા હતા. આ પ્રસંગોનો લાભ લેવા સાઈ સંકુલના ગેટની બહાર બંને તરફ સ્પોર્ટસ ટી શર્ટ અને ટ્રેકશુટ વેચનારા ફેરિયાઓએ ફુટપાથ પર અડ્ડો જમાવી વેપાર કરી લીધો હતો.

● સરદાર પટેલની જન્મજયંતિ સોશ્યલ મિડિયા પર પણ જોરશોરથી ઉજવાઈ હતી. ગાંધીનગરના પાટીદાર નેટીઝન્સ ઉપરાંત અનેક યુવાનોએ પણ પોતાના પ્રોફાઈલ પિક્ચર્સમાં 'સરદાર'નો ફોટો રાખી તેમની સિધ્ધિઓને બિરદાવતા મેસેજની આપ-લે કરી હતી.

સે-૨૮ પાસે ટ્રકે પલ્ટી મારતા ૬ ઈજાગ્રસ્ત

શહેરના સેકટર-૨૮ પાસે અચાનક ગાંધીનગરથી અમદાવાદ તરફ જઈ રહેલી ટાટા ૪૦૭ ટ્રકના ચાલકે કાબુ ગુમાવતા ટ્રક પલ્ટી મારી ગયો હતો. ટ્રકમાં સવાર ૬ નાગરીકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ભટ્ટ મેવાડા સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરમાં વસતા ભટ્ટ મેવાડા સમાજ દ્વારા નવા વર્ષનો સ્નેહમિલન અને વિદ્યાર્થી ઈનામ વિતરણ સમારોહ આગામી તા.૫ નવેમ્બરને રવિવારના રોજ સવારે ૯ કલાકે બ્રહ્માણી હોલ સેકટર-૨૩ કડી કેમ્પસ ખાતે યોજાશે. આ પ્રસંગે ધો-૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટમાં સારા ગુણ મેળવેલા વિદ્યાર્થી ભાઈ બહેનોને સન્માનિત કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા ભટ્ટ મેવાડા સમાજના વિદ્યાર્થીઓએ ભરતભાઈ પંડયા રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ પ્લોટ નં.૧૪૦/૧૦૧ સેકટર૨૮ ખાતે મોડામાં મોડી માર્કશીટની નકલ તા.૨-૧૧-૧૭ સુધીમાં મોકલી આપવી. સમાજના અબાલ વૃધ્ધ, યુવાનો, સહિત સૌ કોઈ સામેલ થાય તેવા ઉમદા હેતુથી વિવિધ મનોરંજનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં નૃત્ય, નાટક, ગીત, સંગીત, એકપાત્રીય અભિનય, કવિતા પઠન, વકતૃત્વ સ્પર્ધા, લઘુ નાટક, સહિતના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ વિવિધ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ વહેલા તે પહેલાના ધોરણે દરેક વિભાગમાં ૧૦ થી વધુ એન્ટ્રી આપવામાં આવશે નહી. સ્પર્ધકોએ પોતાના નામ ચિરાગભાઈ જોશી, નેવીગેટર્સ એજ્યુકેશન, ૩૮૭ લક્ષ્મી ચેમ્બર્સ, પંજાબ નેશનલ બેંકની પાછળ, સેકટર-૧૬ ફોન-૨૩૨૨૦૦૮૦ પર નોંધાવવા જણાવાયું છે. ભોજન પાસ માટે રૂ.૨૫ રાખવામાં આવેલ છે. કારોબારી સભ્યો પાસેથી પાસ મેળવી લેવા જણાવાયું છે. ૫ વર્ષથી સુધીના બાળકો માટે પાસની જરૂર નથી. આ પ્રસંગે ભટ્ટ મેવાડા સમાજના સૌ ભાઈ બહેનોએ સ્નેહમિલન સમારોહ હાજર રહેવા જણાવાયું છે. વિશિષ્ટ સિધ્ધી હાંસલ કરનાર તેઓએ તેમની વિગત પણ ભરતભાઈને મોકલી આપવા જણાવાયું છે.

જન્મદિને વધામણી

ભગવતીબેન અરવિંદભાઈ પટેલ
મો. ૯૫૫૮૧૯૮૭૭૯

જૈનિલ ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦૨૪૬૫૬

જાની બિપિનચંદ્ર મોહનલાલ
મો. ૯૮૨૪૧૪૮૦૫૪

રાઠોડ પ્રતાપસિંહ વરવાજી
મો. ૯૭૨૩૩૪૯૭૨૧

નક્ષ ચિરાગ જાની

ગાંધીનગરના વિદ્યાર્થીઓએ શિખી જાપાનીઝ પતંગો બનાવવાની કળા

પીડીપીયુ ખાતે આયોજિત જાપાનીઝ કાઈટ મેકીંગ વર્કશોપમાં ૫૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૩૧

પીડીપીયુ ખાતેની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ ના ઓડિટ કોર્સ વર્ષ ૨૦૧૭-૧૮ અંતર્ગત એનસીસી યુનિટના વિદ્યાર્થીઓ માટે વૈવિધ્યસભર રચનાત્મક કાર્યક્રમો આયોજિત થઈ રહ્યા છે. તાજેતરમાં આ યુનિટના વિદ્યાર્થીઓ માટે 'જાપાનીઝ' પતંગો બનાવવાનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પતંગ બનાવવાની મજા માણવા સાથે જાપાનીઝ પતંગની બનાવટમાં રહેલી ટેકનિકલ બાબતો શિખ્યા હતા.

જાપાનીઝ કાઈટ મેકીંગ વર્કશોપ બે ભાગમાં યોજાયો હતો. જેમાં પહેલું ચરણ તા. ૭ અને ૮ ઓકટોબરે તથા બીજું ચરણ તા. ૨૮ અને ૨૯ ઓકટોબરે યોજાયું હતું. આ વર્કશોપનું સંચાલન જાપાનીઝ કાઈટ મેકીંગ ક્ષેત્રે જાપાનની કેનસાઈ યુનિવર્સિટીમાંથી ડોકટરેટ કરનાર ડૉ. ઉજલ શાહે સંભાળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના વિદ્યાર્થીઓ માટે જાપાનીઝ ભાષા અભ્યાસક્રમનો એક ભાગ હોવાથી તેમને જાપાનની સંસ્કૃતિથી અવગત થવું જરુરી હોય છે. આ વર્કશોપના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર વિદ્યાર્થી ખુશાલી પુરોહિત અને નીતા ખુરાનાએ જણાવ્યું હતું કે ઓડિટ કોર્સના અભ્યાસક્રમમાં આ એક અદભૂત ઉમેરો હતો. જેમાં કલા અને હસ્તકલાના ખ્યાલને ખૂબ જ સારી રીતે પ્રસ્તુત કરાયો હતો. આ વર્કશોપ અભ્યાસલક્ષી હોવા ઉપરાંત વૈવિધ્યતા લાવનાર હોવાથી અમે આનંદની લાગણી અનુભવી હતી. આ સાથે કુણાલ બાજપેઈ નામના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે 'જાપાનીઝ પતંગ બનાવવાના વર્કશોપમાં અમે જે શરૂઆતમાં કાફટનું કામ કરી રહ્યા હતા તે અંતિમ કામમાં કેવી રીતે ઉપયોગમાં આવશે તે અસ્પષ્ટ હતુ પરંતુ અંતે જોયું તો ખરેખર જાપાનીઝ પતંગો ખુબ જ સરસ બન્યા હતા જે એક નવીન મનોરંજક અનુભવ હતો.'

હીસ્ટ્રીશીટર અજય તમંચેને એલસીબીએ ઝડપી પાડયો

ગાંધીનગર, તા.૩૧

ઘરફોડ, ચોરી, બેગ લીફટીંગ, લુંટ, ચોરી તથા વિદેશી દારૂની હેરાફેરી સહિતના ગુનાઓમાં સંડોવાયેલો હિસ્ટ્રીશીટર અજય તમંચે આખરે ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. ડભોડા પોલિસ સ્ટેશનના પ્રોહીબીશના ગુનામાં આ શખ્સનું સહ આરોપી તરીકે નામ ખુલ્યું હતું અને નાસતો ફરતો હતો અને એલસીબીની ટીમે તેની ધરપકડ કરી ડભોડા પોલીસને સોંપી દીધો છે.

એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે બાતમીને આધારે સરદારનગરના હિસ્ટ્રીશીટર અજય અશોકકુમાર તમંચે (છારા)ને પકડી પાડયો છે. ડભોડા પોલિસ સ્ટેશનની હદમાંથી ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ વિદેશી દારૂ ભરેલી છોટા હાથી પકડી હતી. રૂ. ૫.૬૬ લાખનો માલ પોલિસે પકડયો હતો તે ગુનામાં અજયનું નામ સહ આરોપી તરીકે ખુલવા પામ્યું હતું અને ત્યારથી આ શખ્સ નાસતો ફરતો હતો. તેની ધરપકડ કરી ડભોડા પોલીસને ગાંધીનગર એલસીબીની ટીમે વધુ તપાસ માટે મોકલી લીધો છે. આ શખ્સ અમદાવાદ શહેરના નવરંગપુરા, મણીનગર, વસ્ત્રાપુર, કાગડાપીઠ, સરદારનગર, નરોડા, સરખેજ, દાણી લીમડા પોલિસ સ્ટેશનોમાં ચોરી, લુંટ, બેગ લીફટીંગ, ઘરફોડ ચોરી સહિતના ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું પણ પોલીસનું કહેવું છે.

ચિલોડા પાસેથી વોન્ટેડ બુટલેગરને એસઓજીએ પકડયો

ગાંધીનગર, તા.૩૧

બીજા રાજયોમાંથી ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદેસર વિદેશી દારૂની હેરાફેરી કરી દારૂ ઉતારતા

શખ્સોને પકડવા જિલ્લા પોલિસ વડાએ આપેલી સુચના અનુસંધાને એસઓજી ઈન્સ્પેકટર પી.આઈ. સોલંકીની ટીમે તે દિશામાં બાતમીદારો સક્રિય કર્યા છે. દરમિયાન ગઈ કાલે ચોકકસ બાતમીને આધારે ચિલોડા સર્કલ પાસે નાઈટ કવીન હોટલ નજીકથી વોન્ટેડ બુટલેગર વિશાલ વિનોદચંદ્ર ભાવસારની ધરપકડ કરી લીધી હતી. અમદાવાદ સરસપુરનો આ બુટલેગર ચિલોડા પોલિસ સ્ટેશન ઉપરાંત પ્રાંતિજ અને અમદાવાદ શહેર ડીસીબી ક્રાઈમ પોલિસ સ્ટેશનના ગુનામાં પણ વોન્ટેડ હોવાનું ખુલ્યું છે.

સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ગુલાબચંદ પટેલને વિશિષ્ટ સિધ્ધિ એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા.૩૧

સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ગાંધીનગર સેકટર-૧૪ ખાતે રહેતા કવિ લેખક અનુવાદક વ્યસન મુકિત અભિયાન પ્રણેતા, નિવૃત ઓફિસ સુપ્રિટેન્ડેંટ ગુલાબચંદ એન. પટેલને પુષ્પગુચ્છ, મેડલ અને પ્રમાણ પત્ર વિશિષ્ટ સિધ્ધિ એવોર્ડ-૨૦૧૭ અર્પણ કરી પ્રમુખ હસમુખભાઈ શાહ, મંત્રી ભૂપેન્દ્રભાઈ શાહ તેમજ ભાનુપ્રસાદ પુરાણી ત્રીદળ સાહિત્ય સંસ્થાનાં સ્થાપક દ્વારા સન્માનિત કરી એવોર્ડ અર્પિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમ પટેલની વાડી સેકટર-૭ ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સિનિયર સિટીઝન તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગુલાબચંદ પટેલને એક સર્જક અને સામાજિક કાર્યકર તરીકેના કામની કદર રૂપે સન્માનિત કરવામાં આવ્યા છે. શ્રી ગુલાબચંદ પટેલને સાહિત્ય સભા ગાંધીનગરના પ્રમુખ નટવર હેડાઉ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ અને ભારતના દિવંગત વડા પ્રધાન સ્વર્ગસ્થ ઈન્દિરાજીના શહિદદિન નિમિત્તે પુષ્પાંજલી અર્પવાનો કાર્યક્રમ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય પ્લોટ નં ૩૧૫, સે-૨૨ ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના કાર્યકરો-આગેવાનો, નગરપાલિકા-તાલુકા પંચાયત-જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો, વિવિધ પાંખ, સેલ અને ડિપાર્ટમેન્ટના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક ગુરુવારે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગરની માહે નવેમ્બર ૨૦૧૭ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૨-૧૧-૨૦૧૭ને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૪.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સે-૨૨ ખાતે યોજાશે. આ બેઠકમાં નવીન ડીરેકટરી અને 'અમૃત મહોત્સવ ૨૦૧૭' બાબતે અગત્યની ચર્ચા-વિચારણા કરવામાં આવશે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા પ્રવરમંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવ્યું છે.

ગાંધીનગરમાં 'સારેગામા ગુજરાત'નું ઓડિશન

ઓપન ગુજરાત સિંગિંગ કોમ્પિટિશન માટે ગાંધીનગર વિસ્તારના સ્પર્ધકો ભાગ લઈ શકશે, ગુજરાતના વિવિધ શહેરોમાં પણ આયોજન

ગાંધીનગર, તા.૩૧

સંગીત એ કલા છે જેને કુદરતની અનમોલ ભેટ ગણાય છે. આ સંગીતને વિશાલ ફલક ઉપર પ્રદર્શિત કરવાનો મોકો ન મળતા કેટલાય સંગીત કલાકારોની સંગીત શકિત સુષુપ્ત અવસ્થામાં જ રહી જાય છે. આવી શકિતઓને ખીલવવા અને દેશ તેમજ દુનિયા સમક્ષ પ્રતિભાઓની આગવી ઓળખ ઉભી કરવાના શુભ હેતુથી ગુજરાત સીમિત પ્રથમ સ્પર્ધા 'સારેગામા ગુજરાત'નું આયોજન હાથ ધરાયું છે. ઓપન ગુજરાત સિંગિંગ કોમ્પિટિશન માટે ગાંધીનગરના સ્પર્ધકો ભાગ લઈ શકે તે હેતુથી આગામી ૩ નવેમ્બર ૨૦૧૭ના રોજ રાયસણ ખાતે ઓડિશન રાખવામાં આવ્યું છે.

સમસ્ત ગુજરાતમાં ખઝાના નેટવર્ક દ્વારા આયોજિત અખિલ ગુજરાતની વિવિધ વયની વ્યકિતઓના ગ્રુપની સિંગિંગ સ્પર્ધાને ભવ્ય પ્રતિસાદ સાંપડયો છે. આગામી સારેગામા ગુજરાત-ઓપન ગુજરાત સિંગિંગ કોમ્પિટિશન-૨૦૧૭નું ભવ્ય આયોજન હાથ ધરાયું છે. જે માટે ગાંધીનગર વિસ્તારના સ્પર્ધકોનો પહેલો ઓડિશન રાઉન્ડ 'સ્મિત મ્ઝીક સ્ટુડિયો' બી-૧૩, બીસનેસ પાર્ક, પીડીપીયુ રોડ, રાયસણ ગાંધીનગર ખાતે તા. ૩ નવેમ્બર અને ૧૯મી નવેમ્બર ૨૦૧૭ના રોજ સવારે ૯ થી ૫ કલાક દરમિયાન યોજાવાનો છે. ગુજરાત પુરતી મર્યાદિત આ પ્રથમ સ્પર્ધાના આયોજનનો મૂળભૂત ઉદ્દેશ ઉત્કૃષ્ઠ પ્રતિભાઓને પ્રકાશમાં લાવીને તેમનામાં રહેલી અદભૂત સંગીતકલાને ઉજાગર કરવાનો છે. સ્પર્ધકો પૈકીના વિજેતાઓ મ્યુઝિક/વિડિયો આલબમમાં ગાવાની તક તથા લાખોના ઈનામોથી પુરસ્કૃત થશે.

આ સ્પર્ધાના ઓડિશન માટે ગુજરાતના વિવિધ શહેરો જેવા કે અમદાવાદ, બરોડા, સુરત, રાજકોટ, ભાવનગર તેમજ ગાંધીધામ ખાતે આયોજન કરેલ છે તેમજ મેઘા ફાઈનલ અમદાવાદમાં આયોજીત કરાઈ છે. જેથી દરેક સંગીતપ્રેમી કલાકાર ઉપરોકત ઓડિશનમાં ભાગ લઈ સંગીતના સૂરોને વહેતા મુકે તેવી એક તક ઉપલબ્ધ બની છે.

ચિરવિદાય

- સ્વ. જાલુબેન તખતસિંહ રાણા, ઉ.વ. ૯૦
- સ્વ. બાબુભાઈ છોટાભાઈ પટેલ, ઉ.વ. ૮૪